GJSK060004522024

## રેગ્યુલર દિવાની મુકદમા નં. ૫/૨૦૨૪ના કામે
## વાદી તર્ફે આંક : ૫ ની અરજી લગત હુકમ

(૧) સદર કામના વાદીએ હાલનો દાવો પ્રતિવાદીઓ વિરુધ્ધ વેચાણ અંગેના લખાણ કાયદેસર હોવાનું જાહેર કરવા તથા ડેકલેરેશન તથા કાયમી મનાઈ હુકમની માંગણી કરતો કરેલ છે અને એવી દાદ માંગેલ છે કે, દાવાવાળી મોજે : ભાંભુડી, તા.વિજયનગરની સીમના નવા ખાતા નં. ૧૭૩ના જુના બ્લોક/સર્વે નં.૧૨૦/૨ જેનો નવો બ્લોક/સર્વે નંબર : ૭૨ ની ૦–૫૪–૫૨ હે.આરે.ચો.મી. તથા જુના બ્લોક/સર્વે નં.૧૨૧ જેનો નવો બ્લોક/સર્વે નંબર : ૭૦ ની ૧–૨૯–૧૭ હે.આરે.ચો.મી. વાળી ખેતીની જમીનમાં આ કામના પ્રતિવાદીઓને કે તેમના વાલી, વારસોનો કોઈપણ પ્રકારનો માલીકી હકક કે લાગ, ભાગ, હકક–હિત હિસ્સો આવેલ નથી, તેવું જાહેર કરવા તથા દાવાવાળી ખેતીલાયક જમીનના રેવન્યુ રેકર્ડે કોઈપણ પ્રકારનો ફેરફાર કરે કરાવે નહીં તે આ કામના પ્રતિવાદીઓ કે તેમના વારસો, માણસો, નોકરો, વાદીને દાવાવાળી જમીનમાં પ્રવેશ કરતાં , ખેતીકામ કરતાં, ઉપજ–નિપજ લેતાં, અવર–જવર કરતાં, રોકે–રોકાવે નહીં કે અડચણ અંતરાય રૂકાવટ થાય તેવું કોઈપણ પ્રકારનું ગેરકાયદેસરનું કૃત્ય કરે કરાવે નહીં તેવો વાદીના લાભમાં કાયમી મનાઈ હુકમ મેળવવા તથા દાવાવાળી ખેતીની જમીન બાબતે પ્રતિવાદીઓના વડીલોએ કરી આપેલ વેચાણ અંગેના બંન્ને લખાણ કાયદેસરના આવેલ હોવાનું જાહેર કરવા અંગેની દાદની માંગણી કરેલી છે.

વાદીએ દાવા અરજી સાથે હાલ અરજી આંક–૫ થી રજુ રાખી માંગણી કરેલ છે કે, દાવાવાળી મોજે : ભાંભુડી, તા.વિજયનગરની સીમના નવા ખાતા નં. ૧૭૩ના જુના બ્લોક/સર્વે નં.૧૨૦/૨ જેનો નવો બ્લોક/સર્વે નંબર : ૭૨ ની ૦–૫૪–૫૨ હે.આરે.ચો.મી. તથા જુના બ્લોક/સર્વે નં.૧૨૧ જેનો નવો બ્લોક/સર્વે નંબર : ૭૦ ની ૧–૨૯–૧૭

હે.આરે.ચો.મી. વાળી ખેતીની જમીન આ કામના પ્રતિવાદીઓ કે તેમના વારસો, માણસો, નોકરો, વાદીને દાવાવાળી જમીનમાં પ્રવેશ કરતાં, ખેતીકામ કરતાં, ઉપજ–નિપજ લેતાં, અવર–જવર કરતાં, રોકે–રોકાવે નહીં કે અડચણ અંતરાય રૂકાવટ થાય તેવું કોઈપણ પ્રકારનું ગેરકાયદેસરનું કૃત્ય કરે કરાવે નહીં તેવો વાદીના લાભમાં કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવા અંગેની દાદની માંગણી કરેલી છે.

**(૨).** વાદીના દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, મોજે : ભાંભુડી, તા.વિજયનગરની સીમના નવા ખાતા નં. ૧૭૩ના જુના બ્લોક/સર્વે નં.૧૨૦/૨ જેનો નવો બ્લોક/સર્વે નંબર : ૭૨ ની ૦–૫૪–૫૨ હે.આરે.ચો.મી. તથા જુના બ્લોક/સર્વે નં.૧૨૧ જેનો નવો બ્લોક/સર્વે નંબર : ૭૦ ની ૧–૨૯–૧૭ હે.આરે.ચો.મી. વાળી ખેતીની જમીન તેમજ અન્ય સર્વે નંબરોની જમીન પ્રતિવાદી નં.૧ થી ૩ના વડીલ : ગમાર વાલાજી ભેરાજીની સ્વતંત્ર માલીકી કબ્જા ભોગવટાની ચાલતી હતી. આ જમીનો પ્રતિવાદીઓના વડીલ સ્વ. ગમાર વાલાજી ભેરાજી અને તેમના દિકરા તે પ્રતિવાદી નં.૨ સ્વ. ગમાર અમરાજી વાલાજીએ વાદી પાસેથી વેચાણ અવેજના પુરેપુરા નાણાં લઈ સ્વીકારીને તારીખ : ૧૯/૦૧/૧૯૯૧ના રોજ સાદા કાગળ ઉપર તથા રૂા.૧૦/–ના સ્ટેમ્પ પેપર ઉપર વેચાણ હકકથી લખી આપી પંચો સાક્ષીઓ રૂબરૂ પ્રતિવાદી નં.૨ સ્વ. ગમાર અમરાજી વાલાજીએ ડાબા હાથના અંગુઠાનું નિશાન કરી આપેલ છે. આ જમીનો વેચાણ આપ્યા તારીખ : ૧૯/૦૧/૧૯૯૧ થી આજદિન સુધી વાદીના પ્રત્યક્ષ કબ્જા ભોગવટામાં આવેલ છે અને હાલમાં પણ વાદી સદરહુ ખેતીની જમીનમાં ખેડ–વાવેતર કરી ઉપજ નિપજ લઈ રહયા છે, ત્યાર બાદ ગમાર વાલાજી ભેરાજીનું ૧૬ વર્ષ અગાઉ અવશાન થયેલ હોઈ, ગમાર વાલાજી ભેરાજીના વારસોએ ઉપરોકત ખેતીની જમીનોના રેવન્યુ રેકર્ડે વારસાઈ નોંધ નં.૭૧૮, તારીખ : ૨૮/૦૧/૨૦૧૬ થી દાખલ કરાવી સ્વ. ગમાર વાલાજી ભેરાજીના વારસો પ્રતિવાદી નં.૧ થી ૩ ના નામ દાખલ કરવામાં આવેલા છે અને હાલ રેવન્યુ રેકર્ડે ગમાર વાલાજી ભેરાજીના વારસોના નામો ચાલે છે. વાદીએ પ્રતિવાદીઓના

વડીલોને વેચાણ અવેજની પુરેપુરી રકમ ચૂકવી આપેલ હોઈ અને કોઈ જ રકમ વેચાણની બાકી રહેતી ન હોઈ, આ કામના પ્રતિવાદીઓના વડીલ ગમાર વાલાજી ભેરાજીને તેમની હયાતી દરમ્યાન તેમજ તેમના દિકરા ગમાર અમરાજી વાલાજીને તેમની હયાતી દરમ્યાન દાવાવાળી ખેતીની જમીનનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપવા અને દાવાવાળી જમીન વાદીના નામે કરી આપવા અવાર–નવાર ઘણીજ વિનંતીઓ તથા આજીજીઓ કરેલી તેમ છતાં ખોટ્ટા બહાનાઓ બતાવી વાદીની તરફેણમાં દાવાવાળી જમીનનો વેચાણ દસ્તાવેજ તેઓ હયાત રહયા ત્યા સુધી કરી આપેલો નહીં. દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓના નામો ચાલે છે પરંતુ દાવાવાળી જમીન વેચાણ રાખેલ ત્યારથી એટલે કે, છેલ્લા ૩૩ વર્ષથી વાદીના પ્રત્યક્ષ કબ્જા ભોગવટામાં અને વાવેતર હેઠળ આવેલ છે, તેમાં વાદી ખેડ વાવેતર કરી ઉપજ–નિપજ લેતાં આવેલ છે અને હાલમાં પણ દાવાવાળી જમીનમાં વાવેતર કરે છે. પ્રતિવાદીઓનો દાવાવાળી જમીનમાં કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હિત કે હિસ્સો આવેલ નથી. દાવાવાળી ખેતીની જમીન રેવન્યુ રેકર્ડે પ્રતિવાદીઓના નામે ચાલતી હોઈ, દાવો કર્યાના બે માસ અગાઉથી દાવાવાળી જમીન પ્રતિવાદીઓ પડાવી લેવા માટે જતા–આવતાં અને દાવાવાળી જમીન ઉપર આવી ધમકીઓ આપી વાદી સાથે ખોટ્ટી તકરારો કરવા લાગેલ છે અને દાવાવળી જમીનમાં વાદી અને તેના પરિવારના સભ્યો ખેતીકામ કરતાં હોય ત્યારે ગેરકાયદેસર પ્રવેશ કરી, ગાળો બોલી, અપ શબ્દો બોલી મારવા માટે ધસી આવે છે અને ધમકીઓ આપે છે અને એવુ જણાવતાં હોય કે, વાદીએ ખોટ્ટા અને બનાવટી લેખો ઉભા કરેલ છે અને જમીનનો સવેચાચણ દસ્તાવેજ કરી આપવાના નથીસ અને ઉભો પાક લણી લઈશું અને જમીન મોટી રકમ લઈને વેચાણ કરી દઈશુ. જેથી વાદી ખૂબ જ ગભરાઈ ગયેલ છે. આ કામના પ્રતિવાદીઓ ખૂબ જ જનુની સ્વભાવના અને મોટા જુથવાળા હોઈ, વાદીને હેરાન પરેશાન કરતાં હોઈ, તકરારો કરતાં હોઈ વાદીએ સમાજના આગેવાનો અને પ્રતિવાદીઓના કુટુંબના માણસોને ભેગા કરી પ્રતિવાદીઓને વાદીની તરફેણમાં વેચાણ દસ્તાવેજ કરી આપવા માટે સમજાવવાનો પ્રયત્ન કરવા છતાં પ્રતિવાદીઓ સમાજનું કે આગેવાનોનું કહયુ માનતા ન હોઈ, અને કોઈપણ

ભોગે દાવાવાળી જમીનનો કબ્જો પડાવી લેવા કટીબધ્ધ અને કૃત નિશ્ચય બનેલ હોઈ વાદીએ હાલનો દાવો અત્રેની કોર્ટમાં દાખલ કરેલ છે.

(૩). વાદીની દાવા અરજી તથા હાલની અરજી અંગે પ્રતિવાદી ઓને સમન્સ–નોટીસ કરતાં પ્રતિવાદીઓ તેઓના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલ છે, તથા આંક–૧૬ થી લેખિત વાંધા–જવાબ રજુ રાખેલ છે તથા વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીની મહદઅંશે તમામ હકીકતોનો ઈન્કાર કરી એવું જણાવેલ છે કે, વાદીની દાવાઅરજી જોવામાં આવે તો, રૂા.૧૦/– સ્ટેમ્પ પેપરનું લખાણ તથા પ્રમાણપત્રનો અમલ કરવાની સમય મર્યાદા ૩ વર્ષની હોય છે. જયારે વાદી હાલનો દાવો ૩૩ વર્ષ બાદ લાવેલા છે, જેથી વાદીનો દાવો સમય મર્યાદા બહારનો હોઈ રદ થવને પાત્ર છે. વધુમાં દાવાવાળી ખેતીની જમીનો વર્ષોથી પ્રતિવાદીઓ પાસે આવેલ છે અને તેમાં ખેતી કરી ઉપજ લેતા આવેલા છે અને હાલમાં આ બંન્ને સર્વે નંબરોવાળી ખેતીની જમીન ઉપર બેન્કની લોન લઈને, તારણ ઉપર છે, જે હકીકત વાદીને ધ્યાનમાં અને જાણમાં છે અને વારસદારોના નામો પણ વારસાઈ હકકથી દાખલ થયેલા છે અને પ્રતિવાદીઓ ખેતી કરે છે જે અંગેના ગામ નમુના નં.૧૨માં સને.૨૦૨૧–૨૨ માં મકાઈનું વાવેતર, સને.૨૦૨૨–૨૩ માં મકાઈનું વાવેતર કરેલાની નોંધ દાખલ થયેલ છે. આમ, વાદીઓ પાસે કોઈ જૃ કબ્જો ભોગવટો આવેલ નથી અને તેના હકક વાદીઓ ધરાવતાં નથી. વધુમાં ઉપરોકત બંન્ને સર્વે નંબરો વાળી જમીન ૭૩(એ)(એ) વાળી જમીન છે, જે જમીન વેચાણ કરવા માટે જિલ્લા કલેકટર સાહેબની પરવાનગી મેળવવાની રહે છે અને આવી કોઈ પરવાનગી લીધેલ હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો હાલના કામે રજુ રાખેલ નથી. આમ, વાદીએ સાચી હકીકતો છુપાવી હાલનો દાવો કરેલ હોઈ વાદીનો દાવો તથા મનાઈ અરજી ના–મંજુર યા'ને રદ કરવા અરજ કરેલ છે.

(૪). વાદી તથા પ્રતિવાદીઓ પક્ષ તર્ફે હાલના કામે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખવામાં આવેલ છે.

**<u>વાદી પક્ષનો દસ્તાવેજી પુરાવો :</u>**

| અ.નં. | વિગત | નિશાની |
|---|---|---|
| ૧. | રૂ.૧૦/–ના સ્ટેમ્પ ઉપર જમીન વેચાણના પૈસા મળી ગયા બાબતે ગમાર વાલાજી ભેરાજીએ કરી આપેલ લખાણની નકલ. | નિ.૪/૧ |
| ૨. | ગમાર વાલાજી ભેરાજીએ સાક્ષીઓ રુબરુ જમીનની વેચાણની રકમ મળી ગયા બાબતે અંગુઠો કરી આપેલ લખાણની નકલ. | નિ.૪/૨ |
| ૩. | ધી આંતરસુબા ગૃપ સેવા સહકારી મંડળી લિ.,નું ગમાર વાલાજી ભેરાજીનું બાકી લ્હેણુ વાદીએ ભરપાઈ કર્યા અંગે મંડળીએ આપેલ દાખલાની નકલ. | નિ.૪/૩ |
| ૪. | ગમાર વાલાજી ભેરાજીનું અવશાન થવાથી દાવાવાળી જમીનમાં પડેલ વારસાઈ નોંધ નં. ૭૧૮ની નકલ. | નિ.૪/૪ |
| ૫. | મોજે : ભાંભુડી સીમના બ્લોક/સર્વે નં. ૭૦ (જુના સ.નં.૧૨૧)ના ગામ નમુનો નં.૭–૧૨ની નકલ. | નિ.૪/૫ |
| ૬. | મોજે : ભાંભુડી સીમના બ્લોક/સર્વે નં. ૭૨ (જુના સ.નં.૧૨૦/૨)ના ગામ નમુનો નં.૭–૧૨ની નકલ. | નિ.૪/૬ |
| ૭. | મોજે : ભાંભુડી સીમના ખાતા નં. ૧૭૩ના ગામ નમુનો નં.૮–અ ની નકલ. | નિ.૪/૭ |

**<u>પ્રતિવાદી પક્ષનો દસ્તાવેજી પુરાવો :</u>**

પ્રતિવાદી પક્ષ તર્ફે કોઈ દસ્તાવેજી પુરાવો હાલના કામે રજુ રાખવામાં આવેલ નથી.

(૫). વાદી પક્ષ તર્ફે હાલના કામે આંક–૧૮થી હાલની અરજી સંદર્ભે લેખિત દલીલો રજુ રાખેલ છે, જેને વંચાણે લીધેલ છે.

પ્રતિવાદીઓ તર્ફે હાલના કામે આંક–૨૦થી હાલની અરજી સંદર્ભે લેખિત દલીલો રજુ રાખેલ છે, જેને વંચાણે લીધેલ છે.

(૬). પક્ષકારો તર્ફે રજુ થયેલ પક્ષ નિવેદનો, લેખિત દસ્તાવેજો તથા દલીલો ધ્યાને લીધેલ છે.

(૭). વચગાળાનો મનાઈ હુકમ એ એક સમન્યાયી દાદ છે. વચગાળાનો મનાઈ હુકમ મેળવવા વાદીએ પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરવો પડે, તથા સગવડતા તથા અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે, તે પુરવાર કરવુ પડે તથા જો વાદીને મનાઈ હુકમ ન આપવામાં આવે તો, વાદીને નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન જશે તે હકીકત પુરવાર કરવી પડે. મનાઈ હુકમ માંગનારે વિના વિલંબે તથા મહત્વની હકીકતો છુપાવ્યા વગર સ્વચ્છ હાથે આવવુ જોઈએ. આમ, સદરહુ સિધ્ધાંતો નજર સમક્ષ રાખી હાલની અરજીએ પરિપ્રેક્ષ્યમાં કેટલા અંશે આવે છે, તે જોઈશું.

અત્રે એ નોંધવું જરૂરી છે કે, આ તબકકે આ કોર્ટ ધ્વારા માત્ર દરમ્યાન કામચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજીનો નિર્ણય કરવા જઈ રહયા હોઈ, ત્યારે નામ. સર્વોચ્ચ અદાલતે Maria Margarida sequeria V/s. Erasmo Jack de sequeria Dt.21/03/2012, Civil Application No. 2968 of 2012 નાં કેસમાં ઠરાવેલ સિધ્ધાંતો મુજબ દરમ્યાન મનાઈ હુકમ અંગેની અરજી અંગે મુખ્યત્વે ત્રણ મુદ્દાઓ, પ્રથમ દર્શનીય કેસ, નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન અને સગવડતા અગવડતાનું પલડું ઉપર નિર્ણય કરવાની હોય છે. આ ત્રણ મર્યાદિત મુદ્દાઓ કોર્ટે આ અરજીના નિર્ણય માટે ચકાસવાના રહે છે.

(૮). હવે દાવો લાવનાર વાદીનો પ્રથમદર્શનીય કેસ છે કે કેમ, તે ચકાસીએ તો વાદીએ પોતાની દાવા અરજીમાં એવી હકીકત જણાવેલ છે કે, દાવાવાળી જમીનો વાદીએ પ્રતિવાદીના વડીલ પાસેથી રૂા.૧૦/—ના સ્ટેમ્પ પેપર ઉપર લખાણ કરી વેચાણ રાખેલ છે અને જે લખાણમાં વાદીના વડીલે અંગુઠો પણ કરી આપેલ છે. જે સંદર્ભે હાલના કામે રજુ નિ.૪/૧ તથા નિ.૪/૨ વાળા લખાણો ધ્યાને લેવામાં આવે તો, સદરહુ લેખમાં તે લખાણ કઈ જમીનો બાબતેનું કરવામાં આવે છે, તે જમીનોના કોઈ સર્વે નંબરો જણાવવામાં આવેલ નથી કે તે જમીનો કયા ગામમાં આવેલ છે, તેવી પણ કોઈ હકીકત નિ.૪/૧ તથા ૪/૨ વાળા લખાણોમાં જણાવવામાં આવેલ નથી. વધુમાં નિ.૪/૧ વાળુ લખાણ ધ્યાને લેતાં

તેમાં રૂપિયા લેનાર તરીકે વાલાજી ભેરાજી તથા પોતે ગમાર અમરાજી વાલાજી જણાવેલ છે, પરંતુ આ લખાણામાં તેઓની કોઈ જ સહી કે અંગુઠો હોવાનું જણાઈ આવતુ નથી. વધુમાં હાલના કામે રજુ નિ.૪/૪, નિ.૪/૫, નિ. ૪/૬, તથા નિ. ૪/૭ વાળા રેવન્યુ રેકર્ડ ધ્યાને લેતાં તે રેવન્યુ રેકર્ડમાં પ્રતિવાદીઓના નામો ચાલી આવે છે. વધુમાં નિ.૪/૫ તથચા ૪/૬ વાળા દસ્તાવેજોમાં ગામ નમુના નં.૧૨ માં હાલના ખાતેદારોના નામ તરીકે પ્રતિવાદીઓના નામ ચાલી આવેલ છે અને પાકની વિગતો પણ જણાવેલ છે. વધુમાં સદરહુ રેવન્યુ રેકર્ડ મુજબ બેન્કના તારણમાં આવેલ હોવાનું જણાઈ આવે છે. સદરહુ રેવન્યુ રેકર્ડ મુજબ દાવાવાળી જમીનો સત્તા પ્રકાર ૭૩(એ)(એ) વાળી જમીનો હોવાનું જણાઈ આવે છે. આમ, વાદી જે લેખો ઉપર આધાર રાખી હાલનો દાવો લાવેલ છે, તે લેખોનું લખાણ ધ્યાને લેતાં તે લખાણ કઈ જમીનોનું કરવામાં આવેલ છે, તે જણાઈ આવતુ ન હોઈ તેમજ દાવાવાળી બંન્ને જમીનોના રેવન્યુ રેકર્ડમાં પ્રતિવાદીઓના નામ જણાઈ આવતાં હોઈ તથા પ્રતિવાદીઓ જ વાવેતર કરતાં હોઈ તેવુ જણાઈ આવતુ હોઈ, તથા સદરહુ દાવાવાળી જમીન સત્તા પ્રકાર ૭૩(એ)(એ) મુજબ જણાઈ આવતી હોઈ, જે મુજબ દાવાવાળી જમીનો કલેકટરશ્રીની પરવાનગી વિના વેચાણ થઈ શકે તેમ ન હોઈ, તેમજ વાદી જે લેખો ઉપર આધાર રાખી હાલનો દાવો લાવેલ છે, તે લેખ સને.૧૯૯૧ માં કરવામાં આવેલ હોવાનું જણાઈ આવતુ હોઈ, વાદી ૩૩ વર્ષ પછી હાલનો દાવો લાવેલા હોઈ, તે તમામ સંજોગો ધ્યાને લેતાં હાલના તબકકે વાદીનો પ્રથમદર્શનીય કેસ માનવો સલામતી ભર્યુ જણાઈ આવતુ નથી. જેથી આ તબકકે વાદીનો પ્રથમદર્શનીય કેસ જણાઈ આવતો નથી.

આમ, જયારે વાદીનો પ્રથમ દર્શનીય કેસ જ જણાઈ આવતો ન હોઈ અને દાવાવાળી જમીનો પ્રતિવાદીઓના નામે રેવન્યુ રેકર્ડ મુજબ ચાલી આવતુ હોવાનું જણાઈ આવતુ હોઈ અને રેવન્યુ રેકર્ડ મુજબ વાદીનો દાવાવાળી જમીનમાં કબ્જો હોય તેવો કોઈ આધાર પુરાવો રજુ થયેલ ન હોઈ, તે તમામ હકીકતો ધ્યાને લેતાં હાલના તબકકે વાદીની તરફેણમાં કોઈપણ જાતનો હુકમ કરવા સલામતીભર્યુ જણાઈ આવતુ નથી

અને જો વાદીની તરફેણમાં કોઈ હુકમ કરવામાં આવે તો, પ્રતિવાદીઓને વધુ અગવડતાનો વધુ સામનો કરવો પડે તેમ હોઈ, પ્રતિવાદીઓના દિવાની હકકોને નુકશાન થાય તેમ હોઈ, સગવડતા–અગવડતાનું પલડું પણ વાદીની તરફેણમાં જણાઈ આવતુ નથી અને વાદીને નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન જાય તેમ જણાઈ આવતુ નથી.

(૯). ઉપરોકત કરેલ ચર્ચા અનુસાર સમન્યાયી દાદ મેળવવાના કોઈ આવશ્યક તત્વો વાદીની તરફેણમાં જણાઈ આવતાં ન હોઈ, વાદીની હાલની અરજી મંજુર થવા પાત્ર જણાઈ આવતી ન હોઈ, વાદીની હાલની મનાઈ અરજી પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: <u>હુકમ</u> ::**

**૧).** વાદીની હાલની આંક–પની અરજી આથી ના–મંજુર યાને રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૨).** ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ તારીખ : ૧૭મી, માહે : સપ્ટેમ્બર, સને.૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

( સહી/– અવાચ્ય )

સ્થળ : વિજયનગર.
તારીખ : ૧૭/૦૯/૨૦૨૫.

**( મોહમદસરફરાઝ અબ્દુલકાદર શેખ )**
**પ્રિન્સીપાલ સીવીલ જજ – વિજયનગર**
**( જી.જે.૦૧૬૨૮ )**